### કપડવંજમાં જીઆઈએસ ટેકનોલોજીથી માસ્ટર ડેવલોપમેન્ટ પ્લાન તૈયાર થશે

# કપડવંજ સ્થિત વર્ષો જૂના 'ગાંધી ઉદ્યાન'ને પરત મેળવવા માંગ ઉઠી

**કેન્દ્ર સરકારના** અમૃત મિશન હેઠળ ડ્રોન સર્વે દ્વારા શહેરની કાયાપલટનું આયોજન

(પ્રતિનિધિ) કપડવંજ તા.૧૧

કપડવંજ શહેરના આગામી 20 વર્ષના વિકાસને ધ્યાને રાખીને અત્યાધુનિક જીયોગ્રાફિક ઈન્ફોર્મેશન સિસ્ટમ (GIS) આધારિત માસ્ટર ડેવલોપમેન્ટ પ્લાન તૈયાર કરવાની કામગીરી પુરજોશમાં શરૂ કરવામાં આવી છે. કેન્દ્ર સરકારના શહેરી બાબતોના મંત્રાલયના અમૃત મિશન હેઠળ હાથ ધરાયેલા આ પ્રોજેક્ટમાં શહેરના રસ્તા, પાણી અને ગટર જેવી પાયાની સુવિધાઓની સાથે વર્ષો જૂના ગાંધી ઉદ્યાનનો પુનરોદ્ધાર કરી તેને નગરપાલિકા હસ્તક લેવાની પ્રબળ માંગ ઉઠી છે.

ચરોતરના પાંચ શહેરોની કાયાપલટ કરવાના ભાગરૂપે કપડવંજમાં ડ્રોન સિસ્ટમ દ્વારા ભૂસ્તરીય સર્વે હાથ ધરવામાં આવ્યો છે. ગુજરાત ટાઉન પ્લાનિંગ કન્સલ્ટન્સી દ્વારા તૈયાર કરવામાં આવનારા આ પ્લાનમાં જમીનની ઊંચાઈ-નિચાણ સહિતના તમામ પાસાઓનો અભ્યાસ કરી સુવ્યવસ્થિત આયોજન કરવામાં આવશે. 50 હજારથી 1 લાખની વસ્તી ધરાવતા શહેરો માટેના આ આયોજનની કામગીરી માર્ચ 2027 સુધીમાં પૂર્ણ કરવાનું લક્ષ્ય છે.

આ વિકાસ નકશામાં બાગ-બગીચાની સગવડો પર ભાર મૂકવામાં આવ્યો છે, ત્યારે સ્થાનિકોમાં મોડાસા રોડ પર આવેલા ઐતિહાસિક ગાંધી ઉદ્યાનને લઈને ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. દાયકાઓ સુધી નગરપાલિકા હસ્તક રહેલો આ ઉદ્યાન હાલ સરકાર હસ્તક છે. પર્યાવરણની સમૃદ્ધિ અને નાગરિકોના સ્વાસ્થ્ય માટે આ ઉદ્યાન પરત મેળવી તેનું સુંદર ડેવલોપમેન્ટ કરવામાં આવે તે જરૂરી બન્યું છે. હાલમાં નગરપાલિકા અને રાજ્યમાં 'ડબલ એન્જિન'ની સરકાર હોવાથી આ પ્રક્રિયા સરળતાથી પૂર્ણ થઈ શકે તેમ છે.

**વિકાસ પ્લાનની હાઈલાઈટ્સ**

- **ટેક્નોલોજી:** જીઆઈએસ અને ડ્રોન સિસ્ટમ આધારિત સર્વે.
- **લક્ષ્યાંક:** આગામી 20 વર્ષના વિકાસનું આયોજન.
- **સમયમર્યાદા:** માર્ચ 2027 સુધીમાં કામગીરી પૂર્ણ થશે.
- **સુવિધા :** રસ્તા, પાણી, ગટર, વીજળી, અત્યાધુનિક બાગ-બગીચા.

## ખેડા જિલ્લાની આઈટીઆઈમાં પ્રવેશ પ્રક્રિયા શરૂ

(પ્રતિનિધિ) નડિયાદ તા.૧૧

ખેડા જિલ્લામાં આવેલી ઔદ્યોગિક તાલીમ સંસ્થામાં ખાલી પડેલી બેઠકો માટે ચોથા રાઉન્ડમાં પ્રવેશ પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.

ખેડા જિલ્લાની તમામ ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં ઓગસ્ટ-૨૦૨૬ સત્ર માટે ત્રીજા રાઉન્ડના અંતે ખાલી રહેલી બેઠકો પર પ્રવેશનો ચોથો રાઉન્ડ શરૂ કરવામાં આવ્યો છે. પ્રવેશ મેળવવા ઈચ્છતા ઉમેદવારો ૭ ઓગસ્ટથી ૧૪ ઓગસ્ટ ૨૦૨૬ સુધીમાં સવારે ૧૦:૦૦ થી ૩:૦૦ કલાક દરમિયાન ફોર્મ ભરી શકશે. આ પ્રવેશ પ્રક્રિયા મેરિટના આધારે દરરોજ સાંજે ૪થી ૬ કલાક દરમિયાન હાથ ધરાશે. ઉમેદવારોએ તમામ જરૂરી ઓરિજિનલ ડોક્યુમેન્ટ્સ અને નિયત ફી સાથે નજીકની ITI સંસ્થાનો સંપર્ક કરવાનો રહેશે,

## આણંદ શહેરના બીએપીએસ મંદિરમાં ૧૪ હજાર કાચના ટુકડાથી કલાત્મક 'મંડાળા લીંપણ' હિંડોળો તૈયાર





આણંદ શહેરના બીએપીએસ સ્વામિનારાયણ મંદિરમાં પ્રથમ વખત પૂર્ણ કદના ભવ્ય હિંડોળાના દર્શન માટે શ્રદ્ધાળુઓનો અદભૂત ઉત્સાહ જોવા મળી રહ્યો છે. આ સપ્તાહમાં ૧૪ હજારથી વધુ કાચના ટુકડાઓ દ્વારા હાથબનાવટનો 'મંડાળા લીંપણ' હિંડોળો મુખ્ય આકર્ષણનું કેન્દ્ર બન્યો છે. યુવા ભક્તોના સેવા સમર્પણથી તૈયાર આ હિંડોળામાં દરરોજ ઠાકોરજીની પાલખી યાત્રા, થાળ ગાન અને દીવડાઓ સાથે સમૂહ આરતી કરવામાં આવે છે. પૂજ્ય ભગવદ્ચરણ સ્વામીના સાનિધ્યમાં હરિભક્તો દર્શન અને આશીર્વાદનો લાભ લઈ ધન્યતા અનુભવે છે.

# શિક્ષકે પોતાના ઘરને જ બનાવી દીધી 'માતૃશ્રીહીરાબાસન્ડેસ્કૂલ'

**આણંદમાં** વર્ષો સુધી સેવા આપ્યા બાદ હવે વતનના 54 બાળકોનું ભવિષ્ય મફત શિક્ષણ દ્વારા ઘડી રહ્યા છે



(પ્રતિનિધિ) બાલાસિનોર તા.૧૧

મહીસાગર જિલ્લાના વડદલા ગામના રત્નાજીના મુવાડા વિસ્તારમાં શિક્ષણની એક અનોખી જ્યોત પ્રજ્વલિત થઈ છે. વર્ષ 2012 થી આણંદની વિવેક ક્લબમાં સક્રિય રહી સામાજિક સેવા કરનાર કિરણકુમાર રાવજીભાઈ સેનવાએ વર્ષ 2026 થી પોતાના વતનમાં જ ઘરને શાળા બનાવી દીધી છે. 'શહેરમાં સેવા કરી, પણ દિલ હંમેશા ગામમાં હતું.' તેવા ઉમદા વિચાર સાથે શરૂ થયેલી આ માતૃશ્રી હીરાબા સન્ડે સ્કૂલમાં આજે ધોરણ 1 થી 10 ના 54 બાળકો વિનામૂલ્યે શિક્ષણ મેળવી રહ્યા છે.

વડદલાના વતની કિરણભાઈ સેનવા દ્વારા સ્થાપિત સંસ્થા માત્ર શિક્ષણ જ નહીં, પરંતુ સંસ્કાર સિંચન અને મૂલ્યનિષ્ઠ શિક્ષણ દ્વારા 'એક ભારત - શ્રેષ્ઠ ભારત'ના સંકલ્પને સાકાર કરી રહી છે. રવિવારના રોજ આ અનોખી શાળાની મુલાકાતે જિલ્લાના વિવિધ રાજકીય અને સામાજિક અગ્રણીઓ પહોંચ્યા હતા. જેમાં મહીસાગર જિલ્લા ભાજપ બક્ષીપંચ મોરચાના મહામંત્રી કેતનસિંહ ઝાલા, જિલ્લા ભાજપ કિસાન મોરચાના મહામંત્રી હરેશભાઈ પટેલ, પાંડવા જિલ્લા પંચાયત સદસ્ય ઈન્દ્રજિતસિંહ ચૌહાણ, તાલુકા પંચાયત સદસ્ય રંગીતસિંહ પરમાર અને ગ્રામ પંચાયત સદસ્ય પ્રતિનિધિ તુલસીભાઈ પરમારનો સમાવેશ થાય છે.

## મહિસાગરમાં રૂ. ૨.૨૫ કરોડના વિદેશી દારૂના જથ્થા પર બુલડોઝર ફર્યું



મહીસાગર જિલ્લા પોલીસ અધીક્ષક સફીન હસનના માર્ગદર્શન હેઠળ બૂટલેગરો સામેની ખાસ ઝુંબેશના ભાગરૂપે મોટી કાર્યવાહી કરવામાં આવી છે. જિલ્લાના ૭ અલગ-અલગ પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી પકડાયેલ અંદાજે રૂ. ૨.૨૫ કરોડની કિંમતના ગેરકાયદેસર વિદેશી દારૂના જથ્થાનો નામદાર અદાલતની મંજૂરી બાદ નાશ કરવામાં આવ્યો હતો.

**સંતરામપુર પાલિકાની ઘોર બેદરકારી** | કરોડોના ખર્ચે બનેલી ફિલ્ટર સિસ્ટમ નિષ્ફળ

# સંતરામપુરમાં ૮ દિ'નીપ્રતીક્ષા બાદ નળમાં ગંદુ પાણી આવ્યું

**દુર્ગંધયુક્ત** પાણીથી રોગચાળાનો ભય

(પ્રતિનિધિ) સંતરામપુર તા.૧૧

સંતરામપુર પાલિકા દ્વારા પ્રજાને શુદ્ધ પાણી આપવાના મોટા-મોટા દાવાઓ વચ્ચે વાસ્તવિકતા અત્યંત ભયાનક જોવા મળી રહી છે. શહેરના શિકારી ફળિયા વિસ્તારમાં સતત ૮ દિવસના લાંબા વિરામ બાદ જ્યારે પાણી આપવામાં આવ્યું, ત્યારે નળમાંથી શુદ્ધ પાણીને બદલે માટીવાળું અને તીવ્ર દુર્ગંધ મારતું અતિ દૂષિત પાણી વહેવા લાગ્યું હતું. પાલિકાની આ ઘોર બેદરકારીને કારણે સ્થાનિક રહીશોમાં તંત્ર પ્રત્યે ભારે રોષ



જોવા મળી રહ્યો છે.

સંતરામપુર નગરપાલિકા દ્વારા ફિલ્ટર પ્લાન્ટ અને શુદ્ધ પાણીના નામે કરોડો રૂપિયાનો ધુમાડો કરવામાં આવ્યો છે, છતાં નાગરિકોને પીવાલાયક પાણી આપવામાં તંત્ર સંપૂર્ણ નિષ્ફળ નીવડ્યું છે. આ અંગે સ્થાનિકોના જણાવ્યા અનુસાર, આ પાણી પીવું તો દૂર, વાપરવા લાયક પણ નથી. જો આ દૂષિત પાણીને કારણે વિસ્તારમાં રોગચાળો ફેલાશે તો તેની જવાબદારી કોની? તેવા સવાલો ઉઠી રહ્યા છે.

પ્રાથમિક જરૂરિયાત સમાન પાણી આપવામાં પણ નિષ્ફળ ગયેલા શાસકો અને અધિકારીઓ સામે લોકરોષ ચરમસીમાએ છે. આંદોલનની ચીમકી સ્થાનિક રહીશોએ માંગ કરી છે કે જિલ્લા કલેક્ટર અને વહીવટી તંત્ર આ બાબતની ગંભીરતાથી તપાસ કરી જવાબદાર અધિકારીઓ સામે કાયદેસરના પગલાં ભરે. જો તાત્કાલિક ધોરણે શુદ્ધ પાણી પૂરું પાડવામાં નહીં આવે, તો આગામી દિવસોમાં પાલિકા કચેરી ખાતે 'હલ્લાબોલ' કરી ઉગ્ર આંદોલન કરવાની ચીમકી પણ આપવામાં આવી છે.

# આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### સરદાર પટેલ યુનિવર્સિટીના ઇતિહાસ વિભાગમાં નવા વિદ્યાર્થીઓ માટે 'અભિમુખતા કાર્યક્રમ' યોજાયો

**આણંદ** | સરદાર પટેલ યુનિવર્સિટીના અનુસ્નાતક ઇતિહાસ વિભાગ દ્વારા આદિ શંકરાચાર્ય સભાગૃહમાં નવા વિદ્યાર્થીઓ માટે ઓરિએન્ટેશન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પ્રો. વસંત પટેલ, પ્રો. હેમન્ત દવે અને ડો. દિલીપ ચૌધરીએ પ્રાસંગિક ઉદબોધન દ્વારા નવા આવેલા વિદ્યાર્થીઓને આશીર્વચન પાઠવ્યા હતા. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ સંગીત, નૃત્ય અને કવિતા જેવી સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરી હતી તથા વિભાગની વિવિધ પ્રવૃત્તિઓ અને પ્રવાસોની ઝલક વિડીયો દ્વારા નિહાળી હતી. આ કાર્યક્રમમાં સ્નાતક-અનુસ્નાતકના ૬૦ વિદ્યાર્થીઓ, ૫ પીએચ.ડી શોધાર્થીઓ અને ૪ અધ્યાપકો ઉત્સાહપૂર્વક જોડાયા હતા.



### સરદાર પટેલ યુનિ.ની ઇન્ટર કોલેજિયેટ બેડમિન્ટનમાં પી.જી. ડિપાર્ટમેન્ટની ભાઈઓની ટીમ ચેમ્પિયન



**આણંદ** | સરદાર પટેલ યુનિવર્સિટી દ્વારા આયોજિત બેડમિન્ટન સ્પર્ધાના ભાઈઓ વિભાગમાં કુલ ૧૭ ટીમોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ફાઈનલમાં પી.જી. ડિપાર્ટમેન્ટે એસ.વી.આઈ.ટી., વાસદને હરાવી ચેમ્પિયનશિપનો ખિતાબ જીત્યો હતો. શિવકુમાર માચ્છી, ધ્રુવસિંહ રાઠોડ અને અન્ય ખેલાડીઓએ શાનદાર રમતનું પ્રદર્શન કરી વિભાગનું ગૌરવ વધાર્યું હતું. આ સફળતા બદલ યુનિવર્સિટીના રજીસ્ટ્રાર, જીમખાના અધ્યક્ષ અને કોચ ડો. કાર્તિકકુમાર રબારીએ ટીમને અભિનંદન પાઠવ્યા હતા.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

**ગતિવિધિ**

**આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.**

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### સંતરામપુરના શિક્ષક રમેશકુમાર ચૌહાણને રાજ્ય કક્ષાનો 'સાંદીપનિ ગુરુ ગૌરવ એવોર્ડ' એનાયત

**સંતરામપુર** | મહીસાગર જિલ્લાની નરસીંગપુર મુખ્ય પ્રાથમિક શાળાના શિક્ષક રમેશકુમાર બી. ચૌહાણને પોરબંદર ખાતે રમેશભાઈ ઓઝાના હસ્તે 'ગુરુ ગૌરવ એવોર્ડ' આપી સન્માનિત કરાયા છે. તેમની "શાળા અને સમાજ" થીમ અંતર્ગત ગ્રામ ઉત્થાન અને શિક્ષણ ક્ષેત્રે કરેલી વિશિષ્ટ કામગીરીને ધ્યાને રાખીને આ ગૌરવપૂર્ણ પસંદગી કરવામાં આવી હતી. રમેશકુમારે શિક્ષણની સાથે ૨૫ વખત રક્તદાન અને દિવ્યાંગ બાળકોની સહાય જેવી સેવાકીય પ્રવૃત્તિઓ દ્વારા સમાજમાં ઉમદા ઉદાહરણ પૂરું પાડ્યું છે. અગાઉ રાજ્ય શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ વિજેતા રહી ચુકેલા રમેશભાઈની આ સિદ્ધિ બદલ જિલ્લા શિક્ષણ વિભાગ અને ગ્રામજનોએ હર્ષની લાગણી સાથે અભિનંદન પાઠવ્યા છે.



### સંતરામપુર ખાતે વા, સંધિવા અને સ્નાયુના રોગોનો નિ:શુલ્ક નિદાન કેમ્પ યોજાયો

**સંતરામપુર** | સંતરામપુરની એસ.પી. હાઈસ્કૂલ ખાતે અર્બન બેંકના ચેરમેન નરેન્દ્રભાઈ પટેલના હસ્તે દીપ પ્રગટાવી નિ:શુલ્ક મેડિકલ કેમ્પનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. હિંમતનગરની શાન હોસ્પિટલના નિષ્ણાત ડો. એમ. એ. પોથીગરા અને તેમની ટીમે હાડકા, સાંધા અને મણકાના ૧૦૦થી વધુ જરૂરિયાતમંદ દર્દીઓની તપાસ કરી સારવાર આપી હતી. આ કેમ્પમાં કમર, ગરદનનો દુખાવો, સાયટીકા અને ડાયાબિટીસ જેવા વિવિધ રોગોનું નિદાન કરી નિષ્ણાત તબીબો દ્વારા માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા હાઈસ્કૂલના આચાર્ય ઈન્દ્રપાલસિંહજી, એન.એસ.એસ.ના વિદ્યાર્થીઓ અને સ્થાનિક અગ્રણીઓએ પ્રશંસનીય યોગદાન આપ્યું હતું.



### નડિયાદમાં સંતરામ તપોવન વિદ્યાપીઠના ભૂલકાઓએ લીધી ફાયર સ્ટેશનની શૈક્ષણિક મુલાકાત લીધી



**નડિયાદ** | સંતરામ તપોવન વિદ્યાપીઠના કેજીના વિદ્યાર્થીઓએ ફાયર સ્ટેશનની મુલાકાત લઈ ફાયર ફાઈટર વાહનો અને સાધનોની માહિતી મેળવી હતી. આ પ્રસંગે જિલ્લા ફાયર ઓફિસર દીક્ષિતભાઈ પટેલની ઉપસ્થિતિમાં ફાયર વિભાગના કર્મચારીઓએ બાળકોને આગ સામે રક્ષણ અને કટોકટીના સમયે સલામતી જાળવવાનું માર્ગદર્શન આપ્યું હતું. નાના ભૂલકાઓ માટે આ મુલાકાત જ્ઞાન અને અનુભવથી ભરપૂર રહી હતી, જેમાં તેઓએ ફાયર ફાઈટર્સની બહાદુરી અને સેવાની કામગીરીને નજીકથી નિહાળી હતી.

### નડિયાદ એસ.ટી. ડેપો ખાતે સ્વચ્છતા અભિયાન અને વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

**નડિયાદ** | નડિયાદ એસટી ડેપો અને વર્કશોપ ખાતે સફાઈ અભિયાન હાથ ધરી સમગ્ર પરિસરને સ્વચ્છ બનાવવામાં આવ્યું હતું. પર્યાવરણની જાળવણીના સંદેશ સાથે વર્કશોપ વિસ્તારમાં મહાનુભાવો દ્વારા વૃક્ષારોપણ પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પાલિકા સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન પરાગભાઈ બારોટ, ડેપો મેનેજર કે.કે. પરમાર અને કર્મચારીઓ હાજર રહ્યા હતા. ડેપોના ડ્રાઈવર, કંડક્ટર અને મિકેનિક સ્ટાફ દ્વારા હાથ ધરાયેલી આ સરાહનીય કામગીરીને સૌએ બિરદાવી હતી.



### નડિયાદના માતૃછાયા અનાથ આશ્રમ ખાતે 'હર ઘર તિરંગા' અભિયાનનો ભવ્ય પ્રારંભ



**નડિયાદ** | નડિયાદના માતૃછાયા અનાથ આશ્રમમાં બાળકો અને અધિકારીઓની ઉપસ્થિતિમાં ઉત્સાહભેર 'હર ઘર તિરંગા' પ્રારંભ થયો છે. આ પ્રસંગે જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના સેક્રેટરી જે. જે. જાદવ અને જિલ્લા બાળ સુરક્ષા અધિકારીએ બાળકોને રાષ્ટ્રીય ધ્વજનું મહત્વ, ફ્લેગ કોડ અને બંધારણીય મૂલ્યો વિશે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ કાર્યક્રમમાં ઉપસ્થિત સૌએ હાથમાં રાષ્ટ્રીય તિરંગો ધારણ કરી દેશની એકતા અને અખંડિતતા જાળવવાનો સંકલ્પ લીધો હતો. આ સંસ્થાના ડાયરેક્ટર સિસ્ટર મનીષા મકવાણાના માર્ગદર્શન અને સંદીપ પરમારના સંચાલન હેઠળ કાર્યક્રમ યોજાયો હતો.

### કપડવંજના દ્રીશય જોશીએ કરાટેમાં વ્હાઈટ બેલ્ટ પ્રાપ્ત કરી ગૌરવ વધાર્યું

**કપડવંજ** | કપડવંજના વતની અને વડોદરા સ્થિત વિવેક હરીશભાઈ જોશીના પુત્ર દ્રીશય જોશીએ નાની ઉંમરમાં કરાટેમાં વ્હાઈટ બેલ્ટ મેળવી વિશેષ સિદ્ધિ હાંસલ કરી છે. અભ્યાસની સાથે ઇતર પ્રવૃત્તિઓમાં રુચિ ધરાવતા દ્રીશયે આ સફળતા દ્વારા પોતાના પરિવાર અને કપડવંજ પંથકનું નામ રોશન કર્યું છે. વડોદરા GSFC માં કાર્યરત વિવેકભાઈના પુત્રની આ સિદ્ધિને કપડવંજના જાહેર જીવનના અગ્રણીઓએ બિરદાવી તેને અભિનંદન પાઠવ્યા છે. નાની વયે કરાટેની તાલીમમાં નિપુણતા દર્શાવનાર દ્રીશયની આ શૈક્ષણિક અને રમતગમતની સક્રિયતા પ્રેરણારૂપ બની છે.



### કપડવંજ એસટી સ્ટેન્ડ સંકુલમાં સફાઈ અભિયાન સાથે વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો

**કપડવંજ** | કપડવંજ નગરપાલિકા અને એસટી વિભાગ દ્વારા સ્ટેન્ડ સંકુલમાં સફાઈ કરી પર્યાવરણ જાળવણી માટે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ડેપો મેનેજર એન.એમ. કલ્યાણી અને પાલિકાના અગ્રણી પદાધિકારીઓએ હાજર રહીને પોતાનો વિશેષ સહયોગ આપ્યો હતો. લાયન્સ ક્લબના માધ્યમથી ડાકોરના "છોડમાં રણછોડ ગ્રુપ" દ્વારા વૃક્ષોના રક્ષણ માટે ટ્રી ગાર્ડ અર્પણ કરવામાં આવ્યા હતા. દિલીપભાઈ એ. શાહના સૌજન્યથી પ્રાપ્ત આ ટ્રી ગાર્ડ દ્વારા રોપાયેલા વૃક્ષોનું યોગ્ય જતન અને સુરક્ષા સુનિશ્ચિત કરાશે.



### નડિયાદના હઠીપુરા પ્રાથમિક શાળામાં બાળમેળાની શાનદાર ઉજવણી કરાઇ



**નડિયાદ** | હઠીપુરા પ્રાથમિક શાળામાં બાળકોની સુષુપ્ત શક્તિઓ ખીલવવા માટે વાર્ષિક બાળમેળાનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. શિક્ષિકા જિગીષાબેનના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓએ ચિત્રકામ, માટીકામ અને કાગળકામ જેવી વિવિધ સર્જનાત્મક પ્રવૃત્તિઓમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં એકપાત્રીય અભિનય, અભિનયગીતો અને વાર્તાકથન દ્વારા બાળકોએ પોતાની છુપાયેલી પ્રતિભા અને કૌશલ્યોનું સુંદર પ્રદર્શન કર્યું હતું. આ ઈતર પ્રવૃત્તિઓ થકી બાળકોમાં રહેલી શક્તિઓનો વિકાસ થયો અને તમામ વિદ્યાર્થીઓએ ભારે ઉત્સાહ સાથે મેળાનો લ્હાવો લીધો હતો.

### આણંદમાં રામ મોરીનું 'કૃષ્ણ: ધ પાવર હાઉસ' વિષય પર પ્રેરક વક્તવ્ય યોજાયું

**આણંદ** | ડો. શિવાની ભટ્ટ ચેરીટેબલ ફાઉન્ડેશન દ્વારા આયોજિત વક્તવ્ય શ્રેણીમાં જાણીતા લેખક રામ મોરીએ કૃષ્ણના જીવન દર્શન અને ભક્તિના વિવિધ પાસાઓ રસપ્રદ રીતે રજૂ કર્યા હતા. વક્તાએ અર્જુન અને કૃષ્ણના સંવાદ દ્વારા સમજાવ્યું કે જીવનમાં જ્યારે પણ પીડા કે સંશય ઉભા થાય ત્યારે ઈશ્વર જ આપણા કર્મને દોરી રહ્યા હોય છે તેમ માનવું જોઈએ. આ પ્રસંગે ફ્રેયા પ્રજાપતિના પુસ્તકનું વિમોચન થયું હતું. ડો. હેમંત ભટ્ટના સ્વાગત પ્રવચન સાથે ડી.એન. હાઇસ્કુલમાં યોજાયેલા આ કાર્યક્રમમાં શહેરના અગ્રણી નાગરિકો અને શ્રોતાઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

